**અગ્રતા ક્રમ -:** **૧૨**

**વિભાગ :-** ઉદ્યોગ અને ખાણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૩૭**

**૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**વિધાનસભામાં જવાબ આપવાની તારીખ : ૦૭.૦૨.૨૦૨૪**

**પ્રશ્નનું શિર્ષક : ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઇ બાબત**

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર : શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાસંદા)**

# અગ્રતા ક્રમ : ૧૨

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૩૭

## અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| | પૂરક માહિતી | |
| પેટા પ્રશ્ન–૧ | વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ ની ઉદ્યોગ પ્રભાગની બજેટ જોગવાઈ સામે કેટલા ટકા ગ્રાન્ટ ફાળવેલ? તથા ઉક્ત ફાળવેલ ગ્રાન્ટ સામે થયેલ ખર્ચની ટકાવારી કેટલી હતી? | શ્રી રાકેશભાઇ દેસાઇ (નવસારી) |
| પેટા પ્રશ્ન–૨ | ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી હેઠળના નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ ના બજેટમાં મુખ્યત્વે અમલમાં હોય તેવી યોજનાઓ અને પ્રવૃત્તિઓ. | શ્રી રાકેશભાઇ દેસાઇ (નવસારી) |
| પેટા પ્રશ્ન–3 | ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી હેઠળ જે યોજનાઓ ચાલે છે તેમાં વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ માં કેટલી અરજીઓને લાભ આપવામાં આવ્યો? | શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર) |
| પેટા પ્રશ્ન–૪ | ગુજરાતના ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે સરકારનુ શું આયોજન છે ? | શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર) |
| પેટા પ્રશ્ન–૫ | ગુજરાત સરકારની ઉદ્યોગ મિત્ર યોજના શું છે? | શ્રી ભરતભાઇ પટેલ વલસાડ |
| પેટા પ્રશ્ન–૬ | "આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત" અન્વયે આયાતનું અવલંબન ઘટાડવા સરકારશ્રીનું શું આયોજન છે? | શ્રી ભરતભાઇ પટેલ વલસાડ |

| | | |
|---|---|---|
| **પેટા પ્રશ્ન–૭** | ઉધોગ અને ખાણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ડીપ-સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેકટ માટે ખર્ચ શાથી થયેલ નથી ? | |
| **પેટા પ્રશ્ન–૮** | અંકલેશ્વર, ઔદ્યોગિક વસાહતના ડીપ-સી પ્રોજેકટ યોજના હેઠળના મહત્વના પ્રોજેકટ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેકટની વર્તમાન સ્થિતી શું છે? | |
| **પેટા પ્રશ્ન–૯** | સરિગામ ઔદ્યોગિક વસાહતના ડીપ-સી પ્રોજેકટ યોજના હેઠળના મહત્વના પ્રોજેકટ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેકટની વર્તમાન સ્થિતી શું છે? | |
| **પેટા પ્રશ્ન–૧૦** | દહેજ ઔદ્યોગિક વસાહતના ડીપ-સી પ્રોજેકટ યોજના હેઠળના મહત્વના પ્રોજેકટ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેકટની વર્તમાન સ્થિતી શું છે? | |

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન**

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/537

વિષય:

ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 09/01/2024 | તારીખ 01/02/2024 | 16/01/2024 |

*15/4/537 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ઉદ્યોગ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

મુખ્ય પેજ પર જાઓ

## વિભાગે કરેલ જવાબ

# 12

### ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ બાબત

*** 15/4/537 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાસંદા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) ઉદ્યોગ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૧) (રકમ રૂ. લાખમાં)

| વર્ષ | બજેટ જોગવાઇ | |
|---|---|---|
| ૨૦૨૧–૨૨ | ૪૯૭૭૧૦.૫૩ | ૪૯૭૭ કરોડ |
| ૨૦૨૨–૨૩ | ૫૪૭૨૬૩.૨૩ | ૫૪૭૨ કરોડ |

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ફાળવવામાં આવેલ રકમ | |
|---|---|---|
| ૨૦૨૧–૨૨ | ૪૯૨૩૪૦.૮૬ | ૪૯૨૩ કરોડ |
| ૨૦૨૨–૨૩ | ૪૬૫૨૨૩.૮૯ | ૪૬૫૨ કરોડ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

(૩)

| વર્ષ | વપરાયેલ રકમ (ખર્ચ) | વણવપરાયેલ રકમ (બચત) |
|---|---|---|
| ૨૦૨૧–૨૨ | ૪૮૭૨૩૧.૫૧ ૯૮.૯૬% | ૫૧૦૯.૩૫ ૧.૦૪% |
| ૨૦૨૨–૨૩ | ૪૩૩૩૧૮.૯૯ ૯૩.૧૪% | ૩૧૯૦૪.૯૦ ૬.૮૬% |

**વણવપરાયેલ રકમના કારણો**

- કોવિડ–૧૯ ની વૈશ્વિક મહામારીના કારણે
- વિવિધ યોજના હેઠળ સહાય માટેની અરજીઓ ઓછી મળવાને કારણે
- વર્ષ ૨૦૨૧–૨૨ માં વાયબ્રન્ટ ગુજરાત સમિટ કોરોના મહામારીને કારણે યોજાયેલ ન હતી.
- અન્ય વહીવટી અને તકનીકી કારણોસર

..............................................................

મુખ્ય પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

નાણાકિય વર્ષ દરમિયાન ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે વિવિધ યોજનાઓ તથા પ્રોજેક્ટ્સ ના અમલીકરણ માટે બજેટ જોગવાઈ કરવામાં આવે છે. જે બજેટ જોગવાઈ સંદર્ભે વર્ષ દરમ્યાન ખર્ચ કરવામાં આવે છે. આ ખર્ચ અને બજેટ જોગવાઈના તફાવતની રકમ બચત તરીકે સુપ્રરત કરવામાં આવે છે.

**મુખ્ય પેજ પર જાઓ**

પૂરક માહિતી

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૩૭, અગ્રતા ક્રમ:૧૨**

**ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ**

**માન. ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ**

## // પૂરક નોંધ //

ઉદ્યોગ પ્રભાગ માટે છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ બજેટ જોગવાઈ અને તેની સામે થયેલ ખર્ચની વિગતો

રૂ. લાખમાં

| વર્ષ | બજેટ જોગવાઈ | ફાળવેલ રકમ | વપરાયેલ રકમ (ખર્ચ) | વણવપરાયેલ રકમ (બચત) | ફાળવેલ રકમ ની સામે ખર્ચની ટકાવારી |
|---|---|---|---|---|---|
| **2018-19** | **225247.28** | **294328.45** | **281872.34** | **12456.11** | **95.77** |
| **2019-20** | **430688.61** | **458784.89** | **438016.43** | **20768.46** | **95.47** |
| **2020-21** | **517704.67** | **555034.60** | **551231.96** | **3802.64** | **99.31** |
| **2021-22** | **497710.53** | **492340.86** | **487231.51** | **5109.35** | **98.96** |
| **2022-23** | **547263.23** | **465223.89** | **433318.99** | **31904.90** | **93.14** |

- ઉદ્યોગ પ્રભાગ માટે છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ખર્ચની સરેરાશ ૯૬.૫૦% છે. જ્યારે વણવપરાયેલ રકમની સરેરાશ ફક્ત ૪.૫% જેટલી જ છે.

## ઉદ્યોગ કમિશ્નરની કચેરી દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાના પરીણામે રાજ્યને થયેલ ફાયદો:

### 1. ગુજરાતના ટેક્ષટાઇલ ઉદ્યોગો

ગુજરાત ભારતમાં સૌથી વધુ કપાસનું ઉત્પાદન કરતું રાજ્ય છે. ગુજરાતને "પૂર્વના માન્ચેસ્ટર" તરીકે અગાઉ ઓળખવામાં આવતું હતું, તે હવે "ભારતના કાપડ રાજ્ય" તરીકે સ્થાપિત થયું છે.

ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ૩ વર્ષમાં ટેક્ષટાઇલ એકમોને ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી – ૨૦૧૨, ગુજરાત ગારમેન્ટ અને એપરલ પોલીસી – ૨૦૧૭ અને ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી – ૨૦૧૯ જેવી ટેક્ષટાઇલની ચોક્કસ યોજનાઓ અંતર્ગત રૂ.૪૫૦૦ કરોડથી વધુની સહાયનું ચુકવણું કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારની ટેક્ષટાઇલ ક્ષેત્રને પ્રોત્સાહિત કરવાની ચોક્કસ નિતીના કારણે ગુજરાતમાં ૪૬ લાખથી વધુ સ્પીંન્ડલ સ્થાપિત થયેલ છે. મેનમેઇડ ફાઇબર, સિન્થેટિક ફેબ્રિક અને ડેનિમનું સૌથી મોટું ઉત્પાદક હોવાને કારણે, ગુજરાત દેશની કાપડની નિકાસમાં લગભગ ૧૨% ફાળો આપે છે. ગુજરાતમાં કાચા માલની ઉપલબ્ધતા, યાર્નનું ઉત્પાદન, ફેબ્રિક ઉત્પાદનથી લઈને એપેરલ અને મેડ-અપ્સના ઉત્પાદન સાથે  સમગ્ર કાપડ અને વસ્ત્રો મૂલ્ય સાંકળની હાજરી છે. ભારતના કપાસના ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૩૫ ટકા છે અને માનવસર્જિત ફાઇબર ઉત્પાદનના કિસ્સામાં રાજ્યનો હિસ્સો લગભગ ૫૦ ટકા છે.

ભારતના મિલ સેક્ટરમાં ફેબ્રિકનું લગભગ ૩૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ગુજરાતમાં પણ નોંધપાત્ર સંખ્યામાં મધ્યમ અને મોટા કાપડ પ્રોસેસિંગ હાઉસ છે. વધુમાં, ગુજરાતમાં કપાસના ઉત્પાદનમાં ૩૫% અને MMF (મેન મેડ ફાઈબર) ઉત્પાદનમાં ૫૦% ફાળો આપે છે. ૪૦% ફેબ્રિક ઉત્પાદન MMF માંથી થાય છે અને ગુજરાત ભારતના ટેકનિકલ ટેક્સટાઈલ ઉત્પાદનના ૨૫% ઉત્પાદન કરે છે.

### 2. લાર્જ – પ્રોત્સાહન શાખા

તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ગુજરાત રાજયમાં ઓટોમોબાઇલ ઉદ્યોગોના વિકાસ  થાય તે માટે ટાટા મોટર્સને પશ્ચિમ બંગાળથી ખસેડી રાજયમાં તેમનો પ્રોજેકટ સ્થાપવા આમંત્રણ આપેલ હતું અને કંપનીએ રાજયમાં પેસેન્જર વાહનો બનાવવા માટેનો પ્રોજેકટ શરૂ કરવાનો નિર્ણય લીધેલો હતો.

દેશમાં ઓટોમોબાઇલ ક્ષેત્રનો ભવિષ્યમાં ખુબજ વિકાસ થશે તેવી દુરંદેશી ધરાવતા તત્કાલિન માન.મુખ્યમંત્રીશ્રી અને હાલના યશસ્વી વડાપ્રધાનશ્રી દ્વારા ૨૦૦૯ માં મેગાપ્રોજેકટની યોજના જાહેર કરેલી હતી. જેને કારણે એમ.જી. મોટર્સ, મારૂતી સુઝુકી, હીરો મોટોકોર્પ અને હોન્ડા મોટર સાયકલ જેવી આંતરાષ્ટ્રીય કંપનીઓએ ગુજરાત રાજયમાં તેમનો પ્લાન્ટ શરૂ કરેલા હતા. તેમના સહયોગી એકમોએ પણ તેમની નજીકના ક્ષેત્રમાં ઓટોમોબાઇલ કમ્પોનન્ટ સ્થાપવા ઉત્પાદન એકમો શરૂ કરેલા છે. આ ઉપરાંત એમ.આર.એફ. અને મેકિસસ રબર જેવી અન્ય આંતરાષ્ટ્રીય કંપનીઓએ ટાયર બનાવવાની ફેકટરી શરૂ કરેલ હતી. આના કારણે ગુજરાત રાજયએ  ઓટોમોબાઇલ ક્ષેત્રે દેશમાં આગળ પડતું સ્થાન મેળવ્યું હતું. આ યોજનાને કારણે ૮ એકમોમાં રૂ ૨૭૨૦૦ કરોડના મુડીરોકાણ સાથે કુલ ૪૧૫૧૦ રોજગારી ઉભી થયેલી હતી. આ ઉપરાંત રાજયમાં ઓટોમોબાઇલના એન્જીનીયરીંગ ક્ષેત્રે ૪૮ એકમોએ રૂ.૬૪૪૩ કરોડનું મુડીરોકાણ સાથે કુલ ૧૪૬૨૯ રોજગારી ઉભી થયેલી છે.

ગુજરાત રાજયમાં મેગા પ્રોજેકટ સિવાય અન્ય મોટા એકમો અને એમ.એસ.એમ.ઇ. એકમોને વિશેષ પ્રોત્સાહન આપવા માટે રાજય સરકારે ૨૦૧૫ માં નવી ઔદ્યોગીક નીતિ જાહેર કરેલી હતી. પરંતુ અન્ય રાજયો દ્વારા પોતાના રાજયમાં ઉદ્યોગો મુડીરોકાણ કરે તે માટે નવી આકર્ષક યોજનાઓ જાહેર કરેલી હતી. આ રાજયો સાથે રાજયના ઉદ્યોગોને સ્પર્ધાત્મક બનાવવા માટે તેમજ ઓટોમોબાઇલ ક્ષેત્ર સિવાય રાજયમાં મોટુ મુડીરોકાણ થાય તે માટે ૨૦૧૬ માં રાજય સરકારે “ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ” યોજના જાહેર કરેલ હતી. જેમાં એમ.એસ.એમ.ઇ. એકમો અને મોટા ઉદ્યોગોને તાલુકાની કક્ષા પ્રમાણે પ્રોત્સાહન આપવાનું ઠરાવેલ હતું. આ યોજનામાં એમ.એસ.એમ.ઇ., મોટા કદના, મેગા તથા અલ્ટ્રા મેગા એકમો શરૂ થયેલા છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧ સુધી ફાર્માસ્યુટીકલ્સ, કેમીકલ્સ, એન્જીનીયરીંગ વગેરે ઉદ્યોગોએ મોટુ મુડીરોકાણ કરેલ છે અને આજની સ્થિતિએ આ યોજનામાં ૬૯૦ મોટા એકમોએ રૂ.૬૨૯૭૨ કરોડનું મુડીરોકાણ કરી અને કુલ ૯૯૫૦૦ વ્યકિતઓને રોજગારી પુરી પાડેલી છે.

આ યોજનાના કારણે મોરબી અને તેની આસપાસના વિસ્તારમાં સીરામીક ઉદ્યોગોનો જબરજસ્ત વિકાસ થયેલો છે. અને મોરબીનો સીરામીક ઉદ્યોગ નિકાસ ક્ષેત્રે અન્ય દેશો સાથે સ્પર્ધા કરી રહયું છે.

આ ઉપરાંત સાણંદથી બહુચરાજી સુધીના પટામાં ઘણા ઔદ્યોગીક એકમોની સ્થાપના થયેલી છે. વિશેષમાં ભરૂચ જીલ્લામાં કેમિકલ ઉદ્યોગો દ્વારા મુડીરોકાણ કરવામાં આવેલું છે. આ યોજનાના કારણે આજની સ્થિતિએ રાજયમાં ૬૯૦ મોટા એકમોએ રૂ. ૬૨૯૭૨ કરોડનું મુડીરોકાણ કરી અને કુલ ૯૯૫૦૦ વ્યકિતઓને રોજગારી પુરી પાડેલી છે.

તદ્ઉપરાંત, દક્ષિણ ગુજરાતમાં કેમિકલ ક્ષેત્રે વિપુલ પ્રમાણમાં મુડી રોકાણ આવેલ છે અને કચ્છમાં સ્ટીલ ક્ષેત્રે પણ અદ્યતન ટેકનોલોજી વાળા ઔદ્યોગિક એકમો શરૂ કરવામાં આવેલ છે. આમ, આ યોજના દ્વારા ગુજરાતમાં તમામ ઔદ્યોગિક ક્ષેત્રોમાં મોટુ મુડીરોકાણ તેમજ વ્યાપક રોજગારી મળેલ છે. જેને આ યોજનાની જવલંત સફળતા ગણી શકાય.

## 3. એમએસએમઈ પ્રોત્સાહન શાખા

ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અને ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત MSME હેઠળના ઉદ્યોગ સાહસિકોને કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ સબસીડી, વ્યાજ સહાય, ERP સહાય, ક્વોલીટી સર્ટીફીકેશનમાં સહાય, ZED સર્ટીફીકેશન માટે આર્થિક સહાય, આઇ સી ટી માટે સહાય, ટેક્નોલોજી એક્વીજીશનમાં સહાય, પેટન્ટ રજીસ્ટ્રેશન માટે સહાય, એનર્જી અને પાણીના વપરાશની બચત માટે સહાય, એમએસએમઇ એક્ષચેન્જ મારફતે કેપિટલ વધારવા માટે સહાય, સીજીટી એમ.એસ.ઇ. ફી માં સહાય, વીજ જોડાણ માટે સહાય, ભાડા સહાય યોજનાઓ માટે સહાય આપવાની જોગવાઇ છે.

ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ તથા ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ હેઠળ MSME એકમો દ્વારા કુલ રૂ.૬૦,૦૦૦ કરોડથી વધારેનું મુડી રોકાણ કરવામાં આવ્યુ છે તથા કુલ ૪,૫૦,૦૦૦થી વધારે રોજગારીનું નિર્માણ કરવામાં આવ્યુ છે.

## 4. ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રકચરને સહાય યોજના

સદર યોજના દ્વારા રાજ્યમાં આવેલ જૂની ઔદ્યોગીક વસાહતો/વિસ્તારોમાં હયાત ઇન્ફ્રાસ્ટ્રકચરના અપગ્રેડેશન માટે સહાય આપવામાં આવે છે આથી, હયાત ઔદ્યોગીક વસાહતોમાં ઉત્તમ કક્ષાના રોડ રસ્તા, સ્ટ્રીટલાઇટ પાણી પુરવઠા નેટવર્ક જેવી સવલતો સ્થાપિત થશે. આ યોજનાથી રાજ્યમાં ઔદ્યોગીક ક્ષેત્રને પ્રોત્સાહન માટે કોમન ફેસીલીટી સેન્ટર, ઇન્ક્યુબેશન સેન્ટર, બિઝનેસ સપોર્ટ સેન્ટર, ફાયર સ્ટેશન જેવી સવલતોની સ્થાપના થશે.

રાજ્યના ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવામાં સદર ઇન્ફ્રાસ્ટ્રકચર સવલતો દ્વારા લાભ મળી રહેશે. હોસ્ટેલ/ડોરમીટરી જેવી સવલતો સ્થાપિત થતા COVID જેવી સ્થિતિમાં અન્ય રાજ્યોના શ્રમિકોનું સ્થળાંતરણ જેવી સ્થિતી નિવારી શકાશે. શ્રમિકોને ઔદ્યોગીક વિસ્તારની નજીકમાં જ રહેણાંક સુવિધા પ્રાપ્ત થશે.

## 5. ઔદ્યોગીક પાર્કને સહાય યોજના

ગુજરાત ઔદ્યોગીક નીતિ ૨૦૨૦ માળખાગત વિકાસ પર નોંધપાત્ર ભાર મૂકે છે. રાજ્યનો સ્પર્ધાત્મક આર્થિક લાભ સ્પષ્ટપણે ઔદ્યોગીક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે મજબૂત સ્પષ્ટ દ્રષ્ટિ પર આધાર રાખે છે. ઔદ્યોગીક પાર્કને સહાય યોજનાનો ઉદ્દેશ્ય રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિને વધુ અપગ્રેડ કરવાનો અને સુધારવાનો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં ખાનગી ભાગીદારી દ્વારા નવીનતમ તકનીકો, સુવિધાઓ અને કામગીરી લાવવામાં મદદ કરે છે. આ યોજનાનો ઉદ્દેશ્ય આવા ઔદ્યોગીક પાર્કના વિકાસ માટે જરૂરી બાંધકામ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ અને અન્ય સંલગ્ન સુવિધાઓ માટે પ્રોત્સાહન આપવાનો છે.

રાજ્યમાં GIDC ની સાથે સાથે ખાનગી ડેવલપરો દ્વારા પણ આંતરમાળખાકીય સવલતો સાથેના ઔદ્યોગીક પાર્કનું નિર્માણ થાય જેથી આ યોજના હેઠળ નવા ઔદ્યોગીક પાર્ક વિકસાવનાર ખાનગી એકમને નાણાકીય સહાય આપવામાં આવે છે. આમ, રાજ્યમાં નવા ઔદ્યોગીક પાર્કનું નિર્માણ થશે અને આંતરમાળખાકીય સુવિધા ક્ષેત્રમાં નવું મૂડીરોકાણ અને રોજગારીની તકો ઉભી થશે.

## 6. કોમન એન્વાયરમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહાય યોજના

રાજય સરકારશ્રી દ્વારા જુદા –જુદા ઉદ્યોગો દ્વારા કરવામાં આવતી ઉત્પાદન પ્રક્રિયા દ્વારા હવા, પાણી અને વાતાવરણમાં અશુધ્ધિઓ ભળતા વાતાવરણ પદૂષિત થતા પર્યાવરણ પર વિપરીત  અસરો થાય છે. જે અટકાવવા માટે સામુહિક પ્રદુષણ નિયંત્રણ માટે આંતર માળખાકીય સુવિધાના જુદા જુદા પ્રોજેકટો જેવા કે, નવા સી.ઇ.ટી.પી. પ્રોજેકટો, હયાત સી.ઇ.ટી.પી.નું અપગ્રેડેશન કરવુ. પ્રદુષિત પાણીના નિકાલ માટેની પાઇપલાઇન. ઔદ્યોગિક ગંદા પાણીની રીસાઇકલ કરવા માટે કોમન સ્પ્રેડ્રાઇંગ સીસ્ટમ ઉભી કરવા હવાપાણીના પ્રદુષણ માટેની મોનીટરીંગ સીસ્ટમ ઉભી કરવા વગેરે. ઉપરાંત સામુહિક વેસ્ટ મેનેજમેન્ટના પ્રોજેકટો જેવા કે ઇન્સીનરેશન, કો– ઇન્સીનરેશન, ટીએસડી એફ, સોલવેન્ટ રીકવરી, પ્લાઝમા થર્મલ ડીસ્ટ્રકશન સ્પેન્ટ એસીડ રીકવરી અને ઇવેસ્ટ મેનેજમેન્ટ વગેરે જેવા પ્રોજેકટો ઉભા કરવા માટે પ્રોજેકટ કોસ્ટના ૪૦% લેખે મહત્તમ રૂા.૫૦ કરોડની સહાય મળવાપાત્ર થાય છે. તેમજ યોજના

હેઠળ સોલીડ ફયુઅલના કોમન બોઇલર પ્રોજેકટ (૧૦ એમએસએમઇ એકમો દ્વારા ઉભી કરેલી એસ.પી.વી. દ્વારા) માટે ૩૫ ટકા લેખે મહતમ રૂા.૨ કરોડની અને જો સ્વચ્છ ઇંધણનો ઉપયોગ કરે તો ૫૦ ટકા લેખે મહતમ રૂા.૨ કરોડની સહાય આપવામાં આવે છે. જેના દ્વારા એક જ સ્થળે સ્થાપિત થયેલા પ્રદૂષણ ફેલાવતાં ઉદ્યોગોનું પ્રદૂષિત હવા અને પાણીને વેજ્ઞાનિક રીતે પ્રક્રિયા કરી સજીવોને નુકશાન ના થાય અને સ્વચ્છ પર્યાવરણ માટેના જુદા–જુદા કાયદાઓથી નિયત થયેલ માપદંડોની મર્યાદા જળવાઇ રહે પરિણામે નાગરિકો શુધ્ધ પર્યાવરણમાં રહી શકે તેવો પ્રયત્ન કરવામાં આવે છે.

જેના ભાગ રૂપે જુદી જુદી તજજ્ઞ સંસ્થાઓ જેવી કે , જી.પી.સી.બી, ગેમી, જી.સી.પી.સી, આઇ.આઇ.ટી, એન.આઇ.ટી, સાયન્સ અને એન્જીનીયરીંગ કોલેજને, આર એન્ડ ડી ઇન્સ્ટીટયુશન મારફતે સ્ટ્રેન્ધનીંગ રેગ્યુલેશન એન્ડ એન્વાયરમેન્ટ કોમ્પલાઇન્સ માટે રજુ કરવામાં આવનાર જુદા જુદા પ્રોજેકટો માટે જરૂરી Need Base સહાય મંજૂર કરવામાં આવે છે. કાર્યરત પ્રદુષિત એકમોને ગ્રીન ઔદ્યોગિક વસાહતમાં પુનઃસ્થાપન/રેટ્રોફિટિંગ સેટઅપ કરવા માટેના સાઇટ માસ્ટર પ્લાન સ્ટડી રીપોર્ટ તૈયાર કરવા માટેના ખર્ચના ૭૫% લેખે મહત્તમ રૂા.૮૦ લાખ હયાત પ્રદુષિત ઔદ્યોગિક એકમોને ગ્રીન ઔદ્યોગિક પાર્કમાં પુનઃસ્થાપન/રેટ્રોફિટિંગ સેટઅપ સ્થળાંતર કરવા માટે ૨૫% લેખે મહત્તમ રૂા.૨૫ કરોડ સુધીની સહાય મંજુર કરવાની જોગવાઇ છે.

## 7. એન્વાયરમેન્ટ પ્રોટેકશન મેઝર્સ યોજના

પરંપરાગત પ્રોસેસના બદલે કલીનર પ્રોડકશન ટેકનોલોજી અપનાવવાથી જો કાચામાલનું શુદ્ધિકરણ અને અવેજીકરણ થાય. ઉપરાંત પાણી-પાવરના વપરાશમાં અને વેસ્ટના જનરેશનમાં ઘટાડો થાય તેવા કેસોમાં નીચે મુજબ સહાય મળવાપાત્ર થાય. એમ.એસ.એમ.ઇ. એકમોને કલીનર પ્રોડકશન અને કલીન ટેકનોલોજી માટે પ્લાન્ટ મશીનરીની કોસ્ટના ૩૫% લેખે મહત્તમ રૂા.૩૫ લાખ અને મોટા એકમોને પ્લાન્ટ અને મશીનરીની કોસ્ટના ૧૦% લેખે મહત્તમ રૂા.૩૫ લાખ મુજબ સહાય આપવામાં આવે છે.

કલીન એફીસીયન્ટ અને ઇનોવેટીવ પોલ્યુશન કન્ટ્રોલ ઇકવીપમેન્ટસના ઉપયોગ સાથેનો કોઇપણ એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ માટે નીચેની વિગતે સહાય આપવામાં આવે છે. એમ.એસ.એમ.ઇ. એકમોને યોજનાના સમયગાળા દરમ્યાન પ્લાન્ટ અને મશીનરી માટે ૨૫ ટકા લેખે મહતમ રૂા. ૩૫ લાખ મુજબ સહાય. મોટા એકમોને યોજનાના સમયગાળા દરમ્યાન પ્લાન્ટ અને મશીનરી માટે ૧૦ ટકા લેખે મહતમ રૂા.૩૫ લાખની સહાય આપવામાં આવે છે.

[મુખ્ય પેજ પર જાઓ]

| અગ્રતા ક્રમાંક: ૧૨<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૩૭ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી રાકેશભાઇ દેસાઇ (નવસારી)** | |
| | |
| પેટા પ્રશ્ન : ૧ | વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ ની ઉદ્યોગ પ્રભાગની બજેટ જોગવાઈ સામે કેટલા ટકા ગ્રાન્ટ ફાળવેલ? તથા ઉક્ત ફાળવેલ ગ્રાન્ટ સામે થયેલ ખર્ચની ટકાવારી કેટલી હતી? |
| જવાબ | વર્ષ ૨૦૨૧-૨૨ની ઉદ્યોગ પ્રભાગની બજેટ જોગવાઈ સામે ૯૮.૯૨% જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ સામે ૯૮.૯૬% ગ્રાન્ટનો ખર્ચ થયેલ છે. અને ફક્ત ૧.૦૪% જેટલી જ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ છે.<br><br>વર્ષ ૨૦૨૨-૨૩ની ઉદ્યોગ પ્રભાગની બજેટ જોગવાઈ સામે ૮૫.૦૧% જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ સામે ૯૩.૧૪% ગ્રાન્ટનો ખર્ચ થયેલ છે. અને ફક્ત ૬.૮૬% જેટલી જ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમાંક: ૧૨

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૩૭

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી રાકેશભાઇ દેસાઇ (નવસારી)**

પેટા પ્રશ્ન : ૨

ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી હેઠળના નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ ના બજેટમાં મુખ્યત્વે અમલમાં હોય તેવી યોજનાઓ અને પ્રવૃત્તિઓ

જવાબ

| | |
|---|---|
| ૧ | કાપડ ઉદ્યોગનો વિકાસ |
| ૨ | ઉદ્યોગને નાણાકીય સહાય |
| ૩ | મોટા કદના ઉદ્યોગોને સહાય |
| ૪ | સંશોધન અને તકનીકી વિકાસ માટે સહાય તથા સ્ટાર્ટઅપ |
| ૫ | ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો - આર્થિક સહાય વ્યાપારમેળા, ચર્ચાપત્રો, પ્રદર્શનો |
| ૬ | માંદા ઉદ્યોગો માટે પુન:સ્થાપન કાર્યક્રમો |
| ૭ | ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રકચર |
| ૮ | મીઠા ઉદ્યોગનો વિકાસ |
| ૯ | બલ્ક ડ્રગ પાર્ક અને મેડીકલ ડીવાઇસીસ પાર્કને સહાય |
| ૧૦ | આસી ટુ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, લોજીસ્ટીક પાર્ક |
| ૧૧ | આઇ ક્રીએટસંસ્થા માટે કોર્પસ ફંડની સહાય |
| ૧૨ | પ્રમોશનલ ફોર લેબર ઇન્સેન્ટીવ |
| ૧૩ | ઔદ્યોગિક વિકાસ માટે સંસ્થાને આર્થિક સહાય |
| ૧૪ | અનુ. જનજાતિ માટે MS ME એન્ટરપ્રેનીયર્સ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના |
| ૧૫ | ઔદ્યોગિક સામાજીક જવાબદારી (સી.એસ.આર) |
| ૧૬ | આસી ટુ સેન્ટર ઓફ એક્સલન્સ માટેની યોજના |
| ૧૭ | સામુહિક પ્રદુષણ નિવારણ યોજના (CETP) |
| ૧૮ | ગ્રામિણ અને પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક સ્વરોજગાર (CED) |

| | |
|---|---|
| ૧૯ | ફ્રોરેન ડેલીગેશન ફોર ઇન્ડસ્ટ્રીયલ પ્રમોશન |
| ૨૦ | વ્યાપાર, વાણિજય અને સેવાક્ષેત્ર માટેના પ્રોત્સાહક પ્રયત્ન અને ડેટા બેઇઝ સ્થાપવા |
| ૨૧ | પૂર્વ જરૂરી સવલતોનો વિકાસ માટે આર્થિક સહાય |
| ૨૨ | અનુ. જાતિના એન્ટરપ્રેનીયર્સ માટે ભારતરત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના |
| ૨૩ | હીરા ઉદ્યોગોનો વિકાસ |
| ૨૪ | ટેક્ષ્ટાઇલ યુનિવર્સિટી |
| ૨૫ | અનુ. જાતિ માટે ગ્રામિણ અને પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક સ્વરોજગાર સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ માટે પ્લોટ એન્ડ શેડ યોજના |
| ૨૬ | અનુ. જનજાતિ માટે ફાયનાન્સીયલ આસી. સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ માટે પ્લોટ એન્ડ શેડ યોજના |

**મુખ્ય પેજ પર જાઓ**

| અગ્રતા ક્રમાંક: ૧૨<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૩૭ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર)** | |
| | |
| પેટા પ્રશ્ન : 3 | ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી હેઠળ જે યોજનાઓ ચાલે છે તેમાં વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ માં કેટલી અરજીઓને લાભ આપવામાં આવ્યો? |
| જવાબ | (see table below) |

| અ નં | નાણાંકીય વર્ષ | લાભ આપેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૨૬૫૦૬<br>(છવ્વીસ હજાર પાંચસો છ) |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૨૪૭૦૪<br>(ચોવીસ હજાર સાતસો ચાર) |

અન્ય વધારાની વિગત:

| **અનુ. નંબર** | **નાણાંકીય વર્ષ** | **મળેલ અરજીઓની સંખ્યા** | **લાભ આપેલ અરજીઓની સંદૃયા** |
|---|---|---|---|
| **૧** | **૨૦૨૧-૨૨** | **૩૪૮૯૮**<br>**(ચોત્રીસ હજાર આઠસો અંઠ્ઠાણું)** | ૨૬૫૦૬<br>(છવ્વીસ હજાર પાંચસો છ) |
| **૨** | **૨૦૨૨-૨૩** | **૩૬૦૮૩**<br>**(છત્રીસ હજાર ત્યાસી)** | ૨૪૭૦૪<br>(ચોવીસ હજાર સાતસો ચાર) |

**મુખ્ય પેજ પર જાઓ**

| |
|---|
| અગ્રતા ક્રમાંક: ૧૨<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૩૭ |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર)** |
| |

| | |
|---|---|
| પેટા પ્રશ્ન : ૪ | ગુજરાતના ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે સરકારનુ શું આયોજન છે ? |
| જવાબ | ગુજરાત સરકાર હંમેશા ઉદ્યોગ સાહસવીરો માટે હકારાત્મક અભિગમ ધરાવે છે . ઉદ્યોગકારોને મદદરૂપ થવા સરકાર ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીમાં ઉદ્યોગ મિત્ર સેલ કાર્યરત કરવા આયોજન કરી રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં "ઉદ્યોગમિત્ર સેલ" ઉભો કરવા નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.<br>➢ આત્મિનર્ભર ગુજરાતથી આત્મિનર્ભર ભારત સુધી જવા માટે આયાતનું અવલંબન ઘટે તે માટે ઇમ્પોર્ટ સબસ્ટીટયૂશન (આયાત અવેજી) અને પ્રોટોટાઇપ ડેવલપમેન્ટ માટે સહાયનુ આયોજન કરી રહ્યુ છે .<br>➢ કોઇપણ વિકાસનો પાયો સંશોધન અને તાલીમ હોય છે .સરકાર દ્વારા નવી પ્રયોગશાળા માટે આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે આયોજન કરવામા આવ્યું છે .<br>➢ સક્ષમ રાષ્ટ્ર એ વિકાસનો પાયો છે .રાષ્ટ્ર ની સુરક્ષામાં ફાળો આપી શકાય તે માટે રાજયમાં વર્ચ્યુઅલ ડીફેન્સ કલસ્ટર ઉભુ કરવા માટે આયોજન કરવામા આવી રહ્યું છે . |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમાંક: ૧૨<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૩૭ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ભરતભાઇ પટેલ વલસાડ** | |
| | |
| પેટા પ્રશ્ન : ૫ | ગુજરાત સરકારની ઉદ્યોગ મિત્ર યોજના શું છે? |
| જવાબ | ગુજરાત રાજ્યમાં સ્થિત ઉદ્યોગો તેમજ નવા સ્થપાતા ઉદ્યોગને કોઈ મુશ્કેલી કે મૂંઝવણ હોય તો એક જ જગ્યાએથી તેઓની મુશ્કેલી કે મુંઝવણનું સમાધાન થઇ શકે તે હેતુ માટે ઉદ્યોગ વિભાગ દ્વારા ઉદ્યોગ કમિશનર કચેરી ખાતે ઉદ્યોગ મિત્ર સેલ ઉભો કરવા વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં દરખાસ્ત કરેલ છે.<br><br>ઉદ્યોગ ને સંબંધિત વિભાગો જેવા કે જીઆઇડીસી, જીપીસીબી, લેબર કમિશ્નર, મહેસૂલ, એમએસએમઇ કમિશ્નર, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશ્નર, ઉદ્યોગ કમિશ્નર, ઉર્જા વિભાગ, વાણિજ્યિક વેરા સહિતની કચેરીઓના કર્મચારી અધિકારીશ્રી કક્ષાના પ્રતિનિધિઓને સમાવી ઉદ્યોગ મિત્ર શરૂ કરવાનું આયોજન છે.<br><br>આ નવી વ્યવસ્થા દ્વારા ઉદ્યોગકારોની જરૂરી પરવાના કાયદાકીય જોગવાઇઓની પુર્તતાની સરળ પધ્ધતિ સરકારી સહાય મેળવવાની પધ્ધતિ, ઉદ્યોગ સ્થાપવા અંગેની સગવડો પુરી પાડવા માર્ગદર્શન અને સહયોગ આપવાની જોગવાઈ રાખવામાં આવશે કે જેથી ઉદ્યોગ પોતાનું ઉત્પાદન નિયત સમયમર્યાદામાં શરૂ કરી શકે અથવા તો ચાલુ ઉદ્યોગને મુશ્કેલીઓ અનુભવવી ન પડે.<br><br>ઉદ્યોગ મિત્ર સેલમાં નોલેજ પાર્ટનર દ્વારા ઉદ્યોગના વિવિધ સેક્ટર માટેના પ્રોજેક્ટ પ્રોફાઇલ્સ તૈયાર કરી યુવા ઉદ્યોગકારો અને સ્ટાર્ટ અપ્સને ઉદ્યોગ શરૂ કરવા રો-મટેરીયલની ઉપલબ્ધતા, મશીનરી / ઇક્વીપમેટ. માર્કેટ, નાણાકીય જોગવાઇ / જરૂરીયાત, ગુણવત્તા સર્ટીફીકેશન જેવા પાસાઓ અંગેની જરૂરી માહિતી પૂરી પાડવામાં આવશે. આ સેલનું મોનીટરીંગ ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા કરવામાં આવશે. |

**મુખ્ય પેજ પર જાઓ**

| અગ્રતા ક્રમાંક: ૧૨<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૩૭ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ભરતભાઇ પટેલ વલસાડ** | |
| પેટા પ્રશ્ન : ૬ | "આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત" અન્વયે આયાતનું અવલંબન ઘટાડવા સરકારશ્રીનું શું આયોજન છે? |
| જવાબ | ગુજરાત સરકાર દ્વારા ભારતની આઝાદીના અમૃતકાળમાં આપણા યશશ્રી વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૪૭માં વિકસીત ભારત' ના સંકલ્પને સાચા અર્થમાં વાસ્તવિકતામાં ફેરવવા આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના નેજા હેઠળ ગુજરાત નવા અભિગમ સાથે આગળ વધવા માંગે છે. આત્મનિર્ભર શબ્દમાં જ સૂચકતા છે કે રાજ્ય કે દેશ તેની જરૂરીયાત રાજ્ય કે દેશમાં જ ઉપલબ્ધ બનાવે અને ઉત્પાદન વધારી અન્ય દેશોમાં નિકાસ વધારે અને દેશ કે રાજ્ય થકી આયાતના વિકલ્પો શોધી નવા ઉત્પાદનો શરૂ કરી આયાતમાં દિવસે દિવસે ઘટાડો કરવાના ધ્યેય સાથે નવો અભિગમ અપનાવવાનું વિચારેલ છે. આમ. આયાતને સ્થાનિક ઉત્પાદન સાથે બદલી વિદેશી હૂંડીયામણની બચત કરવા માટે (ઇમ્પોર્ટ સબસ્ટીટ્યુશન અને પ્રોટોટાઇપ ડેવલપમેન્ટ) ની યોજના તૈયાર કરેલ છે.<br><br>રાજ્યના મેન્યુફેક્ચરીંગ સેક્ટર ક્ષેત્રે વૈશ્વિક નામના ધરાવતી સંસ્થાઓ જેવી કે. એન.આઇ.ડી. ગિફ્ટ સીટી. અટીરા, આઇ.આઇ.ટી.. જીટીયુ. પીડીપીયુ. સી-પેટ, મંત્રા, આઇક્રીએટ દ્વારા જે ચીજવસ્તુઓનું મોટાપાયે આયાત થતું હોય તેવી ચીજવસ્તુઓનુ સંશોધન, ટેકનોલોજી અપ-ગ્રેડેશન કે કોઇ ટેકનોલોજી આયાત કરી પ્રોટોટાઇપ ડેવલપમેન્ટ કરવામાં આવે અને આ ચીજવસ્તુનું ઉત્પાદન રાજ્યમાં શરૂ કરી શકાય તે માટે રાજ્યના એમ.એસ.એમ.ઇ. સહિતના એકમોને પૂરી પાડવાનુ આયોજન છે. આ સંસ્થાઓ દ્વારા રાજ્યના એકમોને ચીજવસ્તુનુ ઉત્પાદન કરવા માટેની જરૂરી ટેકનોલોજી. ગુણવત્તા અને માર્કેટીંગ અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.<br><br>આ યોજનાથી મેક ઇન ઇન્ડિયા પ્રોડક્ટના ઉપયોગને પ્રોત્સાહન મળવાથી જનમાનસમાં પણ સકારાત્મક પરીવર્તન લાવવામાં મદદરૂપ થશે તથા રાજ્યમાં ઉત્પાદીત થતા ઉત્પાદનો આવી ચીજવસ્તુઓને વૈશ્વિક સ્તરે ઉત્પાદન કરી, નિકાસ કરી "બ્રાંડ ઇંડીયા" પ્રોડક્ટ તરીકે આગવુ સ્થાન મેળવી શકશે. |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમાંક: ૧૨<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૩૭ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી | |
| પેટા પ્રશ્ન : ૭ | ઉધોગ અને ખાણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ડીપ-સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેકટ માટે ખર્ચ શાથી થયેલ નથી ? |
| જવાબ | સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ ડીપ-સી ડીસ્પોઝલ અંગેના તમામ પ્રોજેકટના અસરકારક અમલીકરણ માટે નિષ્ણાંત એજન્સીઓ નિયુકત કરી સાથે પર્યાવરણીય મંજૂરી માટે રાષ્ટ્રીય કક્ષાની માન્યતા પ્રાપ્ત એજન્સી સાથે સર્વેની કામગીરી હાથ ધરી તેઓ દ્વારા જરૂરી વિગતો મેળવવામાં આવશ્યક સમયને ધ્યાને રાખી આવશ્યક ખર્ચ કરવામાં આવેલ છે. |
| પેટા પ્રશ્ન : ૮ | અંકલેશ્વર, ઔદ્યોગિક વસાહતના ડીપ-સી પ્રોજેકટ યોજના હેઠળના મહત્વના પ્રોજેકટ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેકટની વર્તમાન સ્થિતી શું છે? |
| જવાબ | અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના ડીપ-સી પ્રોજેકટ માટે પ્રોજેકટ રીપોર્ટ આધારીત ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે અને હાલમાં ઉપયુકત પ્રોજેકટની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| પેટા પ્રશ્ન : ૯ | સરિગામ ઔદ્યોગિક વસાહતના ડીપ-સી પ્રોજેકટ યોજના હેઠળના મહત્વના પ્રોજેકટ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેકટની વર્તમાન સ્થિતી શું છે? |
| જવાબ | સરિગામ ઔદ્યોગિક વસાહતના ડીપ-સી પ્રોજેકટ માટે પ્રોજેકટ રીપોર્ટ આધારીત ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે અને હાલમાં ઉપયુકત પ્રોજેકટની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

| | |
|---|---|
| પેટા પ્રશ્ન : ૧૦ | દહેજ ઔદ્યોગિક વસાહતના ડીપ-સી પ્રોજેકટ યોજના હેઠળના મહત્વના પ્રોજેકટ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેકટની વર્તમાન સ્થિતી શું છે? |
| જવાબ | દહેજ ઔદ્યોગિક વસાહતના ડીપ-સી પ્રોજેકટ માટે પ્રોજેકટ રીપોર્ટ આધારીત ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે અને હાલમાં ઉપયુકત પ્રોજેકટની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

મુખ્ય પેજ પર જાઓ